જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૦/૦૮/૨૦૧૭ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :- સમાચાર યાદી નં.૧૬૭૪/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૨૦ કેસ કરી, ૧૬ વ્યક્તિઓને ઝડપી, ૧૦૫ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૬૭૫/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૪૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ:-** **સમાચાર યાદી નં.૧૬૭૬/૧૭**

**ચાંદખેડા :** જ્યંતીભાઈ પીઠાભાઈ ચાવડા (રહે, શક્તિકુંજ સોસાયટી વિભાગ-૨ માણેકનાથ નગર નરોડા) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૮/૧૭ રાતના ૦૯/૩૦ થી તા.૧૯/૮/૧૭ સવારનાં ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન મોટેરા, પંચશીલ સ્કુલની નીચે, દુકાન નં-૫ માં આવેલ ખોડીયાર મોબાઈલ નામની જયંતીભાઇની દુકાનનાં શટરનાં તાળા તોડી, અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, કાઉન્ટરના ડ્રોઅરમાં મુકેલ રોકડા રૂપીયા ૫૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.બી.ચાવડા ચલાવે છે.

**વસ્ત્રાપુર :** શ્રવણભાઇ શાંતીલાલ પટેલ (રહે,આદીત્ય બંગલો, સાલ હોસ્પિટલ સામે વસ્ત્રાપુર) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૮/૧૭ રાતના ૦૦/૦૦ થી સવારનાં ૬/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં બેડરૂમની બારીનો સળીયો વાળી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, રોકડ રૂપિયા ૧,૪૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી થલતેજ ચોકી નાઓ ચલાવે છે.

<u>આત્મહત્યા :-</u> <u>સમાચાર યાદી નં.૧૬૭૭/૧૭</u>

**વેજલપુર :** આફરિનબાનુ ડો/ઓ ભુરેખાન પઠાણ (ઉ.વ.૪૦)(રહે,નસેમન ડુપ્લેક્ષ, સમા સોસાયટી પાસે) એ કોઇ અગમ્ય કારણસર તા.૧૯/૮/૧૭ બપોરના ૩/૩૦ વાગ્યાનાં સુમારે પોતાનાં ઘરે સીલીંગ પંખા સાથે દુપટ્ટો બાંધી, ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.બી.કોડિયાતર ચલાવે છે.

**નિકોલ :** દિપીકાબેન વા/ઓ પંકજભાઇ પટેલ(ઉ.વ.૨૩)(રહે,દેવનંદન રેશીડેન્સી ગંગોત્રી સર્કલ પાસે નિકોલ) એ કોઇ અગમ્ય કારણસર તા.૧૯/૮/૧૭ ના કલાક ૧૨/૪૫ વાગ્યાનાં સુમારે પોતાનાં ઘરે છતનાં પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.સી.છત્રાલીયા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.